અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 02, Dt.14-10-2023 (Saturay)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

આજે ભારત-પાક વચ્ચે અમદાવાદમાં મહામુકાબલો

મેચને લઈને ગુજરાતમાં અલર્ટ, અમદાવાદમાં ૬૦૦૦ પોલીસ કર્મચારી તૈનાતઃ ગુજરાતના પોલીસ વડાઓને મેચ દરમિયાન સંવેદનશીલ વિસ્તારો પર ચાંપતી નજર રાખીને એલર્ટ મોડ પર રહેવા માટે કહેવામાં આવ્યું

અમદાવાદ.તા.૧૪

આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્લ્ડ કપનો મહાજંગ થવા જઈ રહ્યો છે, ત્યારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ બહાર ક્રિકેટનો જબરદસ્ત માહોલ જામ્યો છે. સ્ટેડિયમ બહાર ક્રિકેટરસિકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં છે. 'ઈન્ડિયા... ઇન્ડિયા...'ના નારા લગાલી લોકો ભારતની ટીમને સપોર્ટ કરી રહ્યા છે. ૧૦ વાગ્યાથી લોકોને સ્ટેડિયમની અંદર પ્રવેશ આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. હાલ પ્રેક્ષકોની ભીડ સ્ટેડિયમ બહાર વધી છે. અરજીતસિંહ અને શંકર મહાદેવન પર્ફોમન્સ કરશે, ૧.૩૦ લાખ પ્રેક્ષકોને પ્લેકાર્ડ આપી વિશ્વ વિક્રમ બનાવાશે. સ્ટેડિયમમાં ગેટથી પ્રવેશ બાદ ચેકિંગમાં ખૂબ જ ભીડ થઈ રહી છે, દરેક વ્યક્તિને ચેક કરીને જ પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. જેના કારણે ખૂબ ભીડ થઈ છે. બન્ને ટીમ સ્ટેડિયમ પહોંચી ગઈ છે. જોકે મેચ પહેલાની સેરેમની ટીવી કે ઓનલાઈન પ્લેટફોર્મ પર નહીં જોઈ શકાય. માત્ર સ્ટેડિયમની અંદર બેઠેલા લોકો જ જોઈ શકશે.

પોલીસ દ્વારા સઘન ચેકિંગ કરી લોકોને અંદર પ્રવેશવા દેવામાં આવી રહ્યા છે. માત્ર મોબાઈલ, પર્સ, રાષ્ટ્રધ્વજ અને દવા જ સાથે લઈ જવા દેવામાં આવી રહી છે. કોહલી...કોહલી...ના નારા સાથે લોકો સ્ટેડિયમમાં પ્રવેશ મેળવી રહ્યા છે તેમજ અત્યાર સુધીમાં બ્લેકમાં ટિકિટ વેચનારા ૧૦ લોકોને પોલીસે ઝડપી લીધા છે. રાજ્યનાં વિવિધ શહેરો અને અન્ય રાજ્યોમાંથી આવેલા લોકો અત્યારે સૌથી વધારે પ્રવેશ મેળવી રહ્યા છે. ITC નર્મદા હોટલ બહાર ટીમ ઈન્ડિયાને જોવા ક્રિકેટ રસિકો ઊમટ્યા છે. પાકિસ્તાનની ટીમ હોટલ હયાતથી બસમાં સ્ટેડિયમ માટે નીકળી ત્યારે ઈન્ડિયા...ઈન્ડિયા...ના નારા લાગ્યા હતા. આ સમયે પોલીસથી ભીડ કંટ્રોલમાં ન રહેતા લોકોએ રસ્તા પર દોડાદોડી કરી હતી. તેમજ ભારતની ટીમ પણ ITC નર્મદા હોટલથી બસમાં જવા રવાના થઈ ચૂકી છે.

મેચ પર અમદાવાદ પોલીસ કંટ્રોલરૂમ તરફથી ૨,૦૦૦થી વધુ સીસીટીવી કેમેરાથી સમગ્ર શહેરમાં મોનિટરિંગ થઈ રહ્યું છે, મેચને લઈને શહેરમા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ભાજપ કાર્યાલય પર પણ પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. ખાનપુરમાં આવેલા ભાજપ કાર્યાલય ખાતે બંદોબસ્ત છે. મેચને ધ્યાનમાં રાખીને કોઈ અનિચ્છનીય ઘટના બને તે માટે બંદોબસ્ત ગોઠવાયો છે.

વડોદરાનો શિવ પટેલ ટ્રેડિશનલ કપડા પહેરી અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચ જોવા માટે પહોંચ્યો છે, આવતીકાલથી નવરાત્રિ શરૂ થઈ રહી છે જેના પગલે લોકોને ગુજરાતની ઓળખ થાય તેના માટે તે ટ્રેડિશનલ કપડા પહેરી અને આજે મેચ જોવા આવ્યો છે.

શું તમે ઘરેથી કામ કરવા માંગો છો?
પાર્ટ/ફુલ ટાઈમ કામ કરી વધારાની આવક મેળવો....
દરરોજની ૧ થી ૨ કલાક કામ કરો.
તમારી હાલની પ્રવૃતિ છોડ્યા વગર.
૧૮ વર્ષ અને તેનાથી ઉપરના લોકો. ફુલ તાલીમ મળશે.
○ નોકરીયાત લોકો ○ કંપની એકઝીકયુટીવ
○ ગૃહિણીઓ ○ સ્ટુડન્ટ
○ ડોક્ટર | નર્સ ○ ધંધાદારી લોકો
9016972048 | 7984227813

કરદાતાઓને રાહતઃ હવે ટીડીએસમાં ભુલ-રીફંડ દાવા માટે ફોર્મ-૭૧ ની સુવિધા

આ વિસંગતતા દુર કરવા માટે કરદાતા બેંકોને બદલે સીધા આવકવેરા વિભાગને જ સંપર્ક કરી શકશે

નવી દિલ્હી,તા.૧૪

ટીડીએસના રીફંડ મામલામાં કરદાતાઓને અનેકવિધ મુશ્કેલીનો હલ લાદી દેવામાં આવ્યો છે. કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડે ટીડીએસમાં ભૂલચુક સુધારવા માટેની સવલત જાહેર કરીને કરદાતાઓને મહત્વની રાહત આપી છે. કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડ દ્વારા નવુ આવકવેરા ફોર્મ જારી કરવામાં આવ્યું છે. જેને ફોર્મ ૭૧ નામ આપવામાં આવ્યું છે.આ ફોર્મનાં આધારે ટીડીએસ મુશ્કેલી ઉકેલવામાં સરળતા રહેશે. બેંક કે અન્ય કોઈ નાણાં સંસ્થાએ જુના વર્ષમાં ટીડીએસની કપાત કરી હશે તો કરદાતા ફોર્મ ૭૧ ભરીને તેમાં સુધારા વધારા કરી શકશે.

આ ફોર્મ મારફત સીધા આવકવેરા વિભાગ મારફત જ ટીડીએસની ભૂલ સુધારીને રીફંડનો દાવો કરી શકશે.૧લી ઓકટોબરથી જ આ સુવિધા શરૂ થઈ ગઈ છે. આવકવેરા વિભાગનાં સુત્રોએ કહ્યું કે એસેસમેન્ટ વર્ષ ૨૦૨૩-૨૪ માં કરદાતાની એફડી પર, એક લાખનુ વ્યાજ થતુ હોય તો બેંકે ટીડીએસ કાપવાનો રહે છે. બેંકો ૨૦૨૪-૨૫ના એસેસમેન્ટ વર્ષનો ટીડીએસ કાપી લેતી હોય છે ખોટા વર્ષની આ કપાતને કારણે કરદાતા રીફંડનો દાવો કરી શકતો નથી.

આ વિસંગતતા દુર કરવા માટે ૧લી ઓકટોબરથી કરદાતા બેંકોને બદલે સીધા આવકવેરા વિભાગને જ સંપર્ક કરી શકે છે. ફોર્મ ૭૧ ભરીને ભૂલ સુધારવા માટે સમય મર્યાદા પણ નકકી કરવામાં આવી છે.કરદાતા નાણાવર્ષનાં અંત પછીના બે વર્ષ દરમ્યાન ફોર્મ ૭૧ રજુ કરી શકે છે. ૨૦૧૮-૧૯ ના બદલે બેંકે ૨૦૧૧-૨૨ માં ટીડીએસની કપાત કરી હોય તો ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી ફોર્મ ૭૧ જમા કરાવી શકાશે.

લેપટોપ-કોમ્પ્યુટરની આયાત પર પ્રતિબંધ નથી

નવી દિલ્હી,તા.૧૪

કેન્દ્ર સરકારે વધુ એક વખત એવી ચોખવટ કરી છે કે કોમ્પ્યુટર કે લેપટોપની આયાત પર કોઈ પ્રતિબંધ નથી. માત્ર આયાતી કન્સાઈનમેન્ટ પર વોચ રાખવામાં આવી રહી છે. કેન્દ્ર સરકારે ગત ઓગસ્ટ મહિનામાં લેપટોપ સહિતની ચીજોની આયાતને લાયસન્સ વ્યવસ્થા હેઠળ મુકવાનો નિર્ણય લીધો હતો. અણધાર્યા અને રાતોરાતનાં આ નિર્ણયથી જબરો ઉહાપોહ થયો હતો જે પછી સરકાર દ્વારા છુટછાટ જાહેર કરી દેવામાં આવી હતી. કેન્દ્રીય વાણીજય સચીવ સુનિલ બર્થવાલે જણાવ્યું હતું કે લેપટોપ કે કોમ્પ્યુટરની આયાત પર કોઈ પ્રતિબંધ નથી અને માત્ર વોચ રાખવામાં આવી રહી છે. ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ સંતોષકુમાર સારંગીએ કહ્યું કે, ઈમ્પોર્ટ મેનેજમેન્ટ સીસ્ટલ ૧લી નવેમ્બરથી આવી રહી છે. ૩૦ ઓકટોબર સુધીમાં સીસ્ટમ ફાઈનલ થઈ જશે. કેન્દ્ર સરકારનું કહેવુ છે કે, દેશી ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે અનેક કદમ ઉઠાવવામાં આવ્યા છે તેમાં ટેકસ વધારા જેવા પગલાઓનો પણ સમાવેશ થાય છે.

આઠ વર્ષની લોકસેવાની અનોખી અવિરત સફર પુરી કરવા બદલ
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક ને હદય પુર્વક જન્મદિનની શુભેચ્છા...
રાજકોટ જિલ્લા પંચાયત રાજકોટ

શ્રીમતી પ્રવિણાબેન રંગાણી
(પ્રમુખશ્રી, રાજકોટ જિલ્લા પંચાયત)

સત્ય , સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવતા નિડર, તટસ્થ, તેમજ પ્રજાના પ્રશ્નોને સતત વાચા આપતા પ્રજાલક્ષી અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક ને નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...

ADVOCATE
સરફરાઝખાન પઠાન
(એડવોકેટ) ૯૮૨૫૦ ૩૨૪૧૬
ઓફીસ એડ્રેસઃ ૪૬, પહેલો માળ, સદગુરૂ તીર્થધામ, નહેરૂ નગર કોર્નર, રૈયા રોડ રાજકોટ

સત્ય , સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવતા નિડર, તટસ્થ, તેમજ પ્રજાના પ્રશ્નોને સતત વાચા આપતા પ્રજાલક્ષી અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક ને નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...

અજય ચૌહાણ
(એડવોકેટ) ૯૮૯૮૦ ૬૪૩૦૨

ADVOCATE

ઓફિસ એડ્રેસઃ ૧૧૫, ઉમેશ કોમર્શિયલ કોમ્પલેક્ષ, પહેલો માળ, ચૌધરી હાઇસ્કૂલ, રાજકોટ મો.૯૮૯૮૦ ૬૪૩૦૨

અજય જોષી
(એમ.એ.સીપી.બાર એસો. પૂર્વ પ્રમુખ)
(એડવોકેટ) ૯૯૨૫૪૦૦૦૧૧

કાલે ગીરગંગા પરિવાર ટ્રસ્ટની ઓફિસનો સી.આર.પાટીલના હસ્તે શુભારંભ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

'સૌરાષ્ટ્ર ક્રાંતી' ની મુલાકાતે આવેલા વિઠ્ઠલભાઈ બાલધા, ભુપતભાઈ કાકડીયાએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં ગીરગંગા પરીવાર ટ્રસ્ટનો સૌરાષ્ટ્રના ૧૧૦૦૦ ચેકડેમો સંપૂર્ણ લોકભાગીદારીથી તૈયાર સંકલ્પ કરવામાં આવ્યો છે જે અનુસંધાને દિલીપભાઈ લાડાણી તરફથી ગીરગંગા પરીવાર ટ્રસ્ટને ઉત્સવ બીલ્ડીંગ પહેલો માળે વોકહાર્ટ હોસ્પિટલ વાળી શેરી સિધ્ધિ વિનાયક મંદીરની સામે, ટી-પોસ્ટની ઉપર જલારામ સોસાયટી, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે અર્પણ કરવામાં આવેલ છે જે નવી ઓફીસનો શુભારંભ કાલે સવારે ૧૧:૩૦ કલાકે ગુજરાત ભાજપના અધ્યક્ષ સી.આર.પાટીલના હસ્તે કરવામાં આવનાર છે.

કાલથી રેલનગરમાં પલ્સ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનો પ્રારંભ

દ્વારકેશ હેલ્થકેર હોસ્પિટલ એલ એલ.પી નો વધુ એક સેવા યજ્ઞ,૪૭ બેડ ધરાવતી અત્યાધુનિક હોસ્પિટલમાં જુદા જુદા રોગોના નિષ્ણાત ડોકટરોની ટીમ ઉપલબ્ધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

રાજકોટમાં હોસ્પિટલો તો ઘણી છે પણ સેવા સાથે સારવારનાં હેતુથી પલ્સ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ શરૂ થઇ રહી છે. દ્વારકેશ હેલ્થકેર હોસ્પિટલ એલ.એલ.પી. સંચાલિત આ હોસ્પિટલ રેલનગરમાં સાધુ વાસવાણી કુંજ રોડ ઉપર માં દુર્ગા કોમ્પ્લેક્સમાં આકાર પામી છે અને તેનું ઉદઘાટન આવતીકાલે સવારે ૯ વાગ્યે થશે.

આ હોસ્પિટલનું ઉદઘાટન પરિવારના જ વડીલો અને માતા-પિતાના હસ્તે કરવામાં આવશે તેમ જણાવતા પ્રફુલભાઈએ વધુમાં કહ્યું હતું કે, આ પ્રસંગે ભાવનગરનાં અઘેવાડા સ્થિત ગોપનાથ શિવકુંજ આશ્રમનાં ગાદીપતિ પ.પૂ શ્રી સીતારામબાપુ ખાસ ઉપસ્થિત રહીને આશીર્વચન પાઠવશે.

હોસ્પિટલની વિશેષતા આપતા પ્રફુલભાઈ નડિયાપરા કહ્યું હતું કે, ૪૭ બેડની અત્યાધુનિક આ હોસ્પિટલ ૨૪ કલાક ખુલ્લી રહેશે.

હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ જેવી કે ૪૭ બેડની મલ્ટી સ્પેશ્યાલિટી, જનરલ, સેમિ સ્પેશ્યલ, સ્પેશ્યલ, ડીલક્ષ રૂમ, જનરલ સહિત તમામ વોર્ડ, રૂમમાં એર કંડીશનરની સુવિધા, વેઈટિંગ એરિયામાં આરામદાયક સોફા, આધુનિક સાધનોથી સજ્જ ક્રિટીકલ ઝોન ટ્રોમા સેન્ટર), ઓર્થોપેડિક તેમજ જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી સેન્ટર, સેન્ટ્રલાઈઝ ઑક્સિજન વ્યવસ્થા, ૨૪ કલાક મેડિકલ ઓફિસરની હાજરી, સ્ટ્રેચર લિફ્ટની સુવિધા, વેલ ટ્રેઈન્ડ નર્સિંગ સ્ટાફ, અદ્યતન ઓપરેશન થિયેટર તેમજ ડિલિવરી રૂમ, લેપ્રોસ્કોપી (દૂરબીન)થી ઓપરેશનની સુવિધા, મલ્ટીપેરા મોનિટર, વેન્ટીલેટર, બાઈપેપથી સજ્જ આઈસીયુ તેમજ એનઆઈસીયુ, ઓર્થોપેડિક તેમજ જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી સેન્ટર, જનરલ તેમજ લેપ્રોસ્કોપી (દૂરબીન) દ્વારા તમામ ઓપરેશન, ૨૪ કલાક યુપીએસ તેમજ જનરેટર બેકઅપ, ઈ.એન.ટી. (નાક-કાન-ગળાનો વિભાગ), દાંત વિભાગ (દાંત તથા જડબાની તમામ સારવાર),

તસવીરઃ પંકજ ડાભી

ફિઝિયોથેરાપી વિભાગ, નિઃસંતાનપણાની સંપૂર્ણ સારવાર અને નિદાન, જોખમી અને નોર્મલ ડિલિવરીની સારવાર, સોનોગ્રાફી અને એક્સ-રેની સુવિધા, મનોચિકિત્સક વિભાગ, કુટુંબ કલ્યાણ કેન્દ્ર, કાર્ડિયાક સુવિધાસજ્જ એમ્બ્યુલન્સ, ૨૪ કલાક લેબોરેટરી, મેડિકલ સ્ટોર, શુદ્ધ અને સાત્વિક ભોજન- નાસ્તા માટે કેન્ટીન, દરેક કંપનીના મેડિક્લેમ અંતર્ગત સારવાર ઉપલબ્ધ છે. જ્યારે આવનારા સમયમાં ચિરંજીવી (મફત ડિલિવરી) યોજના, બાલસખા યોજના, આયુષ્યમાન ભારત યોજના (પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના)નો પ્રારંભ કરવામાં આવશે.

પલ્સ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલની વિશાળ ડોક્ટર ટીમમાં ડો.હાર્દવી પલાણ (જનરલ રોગ નિષ્ણાત), ડો.ભાર્ગવ પટેલ (સ્ત્રીરોગ નિષ્ણાત), ડો.પ્રિયેશ પ્રફુલભાઈ નડિયાપરા (મો અને જડબાના સર્જન), ડો.માનસી મહેતા (એમ.ડી.પેથોલોજી), ડો.અંકુર કુમ્મર (હૃદયરોગ નિષ્ણાત-વિઝિટિંગ), ડો,ભૌમિક ભાયાણી (પ્લાસ્ટિક સર્જન-વિઝિટિંગ), ડો.ભાવિક વસોયા (પેટ રોગ નિષ્ણાત-વિઝિટિંગ), મિલન વસંતભાઈ વાડોલિયા (બાયો ટેક્નોલોજી, લેબ. ડિરેક્ટર), ડો.ગૌતમ બારૈયા (હાડકાના નિષ્ણાત), ડો.પાર્થ માલી (બાળરોગ નિષ્ણાત), ડો.પૂનમ પી.નડિયાપરા (દાંતના સર્જન), ડો.મનદીપ ટીલારા (હૃદયરોગ નિષ્ણાત-વિઝિટિંગ), ડો.સચિન ભીમાણી (મગજના રોગ નિષ્ણાત (વિઝિટિંગ), ડો.યશ રાણા (ફેફસાના નિષ્ણાત-વિઝિટિંગ), ડો.ચિરાગ સોલંકી (ન્યુરો અને સ્પાઈન) તેમજ મયુર વિજયભાઈ પરમાર (હોસ્પિટલ એડમિનિસ્ટ્રેટિવ) સહિતના સામેલ છે.

આ પ્રસંગે ઉપસ્થિત રહેવા માટે દ્વારકેશ હેલ્થકેર હોસ્પિટલ એલ.એલ.પી. વતી વિનોદભાઈ નડીયાપરા, પ્રફુલભાઈ નડીયાપરા,કાન્તીભાઈ બારૈયા, શૌકતભાઈ ગાંગાણી, પ્રકાશભાઈ રાઠોડ, કિશોરભાઈ બારૈયા, અશોકભાઈ જોશી અને કપિલભાઈ બારૈયા, પ્રકાશભાઈ હુદડ, અતુલભાઈ જોશી અને કલ્પેશભાઈ દોમડીયાએ આમંત્રણ આપ્યું છે.

સત્ય , સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવતા
નિડર, તટસ્થ, તેમજ પ્રજાના પ્રશ્નોને સતત
વાચા આપતા પ્રજાલક્ષી 'સૌરાષ્ટ્ર ક્રાંતી'ને
નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...
-:એક શુભેચ્છકઃ-

સત્ય , સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવતા
નિડર, તટસ્થ, તેમજ પ્રજાના પ્રશ્નોને સતત
વાચા આપતા પ્રજાલક્ષી 'સૌરાષ્ટ્ર ક્રાંતી'ને
નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...
-:એક શુભેચ્છકઃ-

સત્ય , સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવતા
નિડર, તટસ્થ, તેમજ પ્રજાના પ્રશ્નોને સતત
વાચા આપતા પ્રજાલક્ષી 'સૌરાષ્ટ્ર ક્રાંતી'ને
નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...
-:એક શુભેચ્છકઃ-

સત્ય , સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવતા
નિડર, તટસ્થ, તેમજ પ્રજાના પ્રશ્નોને સતત
વાચા આપતા પ્રજાલક્ષી 'સૌરાષ્ટ્ર ક્રાંતી'ને
નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...
-:એક શુભેચ્છકઃ-

સત્ય , સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવતા
નિડર, તટસ્થ, તેમજ પ્રજાના પ્રશ્નોને સતત
વાચા આપતા પ્રજાલક્ષી 'સૌરાષ્ટ્ર ક્રાંતી'ને
નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...
-:એક શુભેચ્છકઃ-

સત્ય , સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવતા
નિડર, તટસ્થ, તેમજ પ્રજાના પ્રશ્નોને સતત
વાચા આપતા પ્રજાલક્ષી 'સૌરાષ્ટ્ર ક્રાંતી'ને
નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...
-:એક શુભેચ્છકઃ-

તંત્રી લેખ

શીતકાળનો કમિક આરંભ

શિયાળાની જમાવટ થઈ છે. આમ તો ખરી કાતિલ શરૂઆત થઇ નથી, અને શિયાળાની શરૂઆત થવાનો ખરેખર આ સમય નથી. આ તો હેમંત ઋતુ છે અને એમાં હંમેશા ફુલગુલાબી ઠંડી હોય છે. હવામાન શાસ્ત્રીઓ જેને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ કહે છે એની આ ફલશ્રુતિ છે. એટલે કે આ ઠંડી શીતકાલીન નથી. પ્રાસંગિક છે. ભારતીય પ્રજા જરૂર કરતાં એટલી બધી વધારે રાજકીય પ્રવૃત્તિઓમાં ડૂબી ગઈ છે કે કુદરતને ઓળખવાનું ભૂલી ગઈ છે. હેમંત ઋતુમાં ઠંડી હોય ખરી, પરંતુ વહેલી સવારે અને મોડી રાત્રે. વિક્રમના નવા વર્ષમાં કારતક અને માગશર – આ બંને મહિનામાં હેમંત પૂરબહારમાં ખીલે છે. હેમંત ઋતુના કારણે આપણે કાતિલ ઠંડીના મલકમાં તબક્કાવાર પ્રવેશીએ છીએ, જે ઠંડી આવવાને હજુ વાર છે. હેમંત અને શિશિર બંને ઋતુઓ મળીને શિયાળો બને છે. હજુ તો વનરાજિના પાંદડાઓ લીલાછમ છે. એના પર પીતામ્બર જેવા પીળા રંગનો પ્રકૃતિ અભિષેક ન કરે ત્યાં સુધી સૂસવાટા મારતા શીતળ પવનો શરૂ થતા નથી.

ખરેખર તો આ હેમંત ઋતુ જ શિયાળાને ભોગવવાની અને ખુલા આભ તળે આનંદ લેવાની મોસમ છે. ઘઉંના ખેતરો લહેરાવા લાગ્યા છે, પરંતુ હજુ એને કેડસમાણા થતાં થોડી વાર લાગશે. કારણ કે આ વખતે પાછોતરા વરસાદને કારણે મોટાભાગના લોકોએ વાવણી મોડી કરી છે. અરબી સમુદ્રનું સ્વરુપ બદલાયું છે. વૈજ્ઞાનિકોએ જાહેર કર્યું છે કે ઘણા વર્ષોથી જેના ઢોલ વગાડવામાં આવે છે અને જગત આખાને જગાડવામાં આવે છે તે ગ્લોબલ વોર્મિંગના પ્રથમ પરિણામની હવે શરૂઆત થઈ ગઈ છે. સમુદ્રની સપાટીમાં આંશિક વધારો થયો છે. એનું કારણ કે ઉત્તર અને દક્ષિણ ધ્રુવનો બરફ પીગળવા લાગ્યો છે. હિમશીલાઓ વિખૂટી પડીને તરવા લાગી છે. પર્યાવરણવિદો જો કે એ વાત કહેવાનું એટલું બધું પુનરાવર્તન કરી ચૂક્યા છે કે વાઘ આવ્યો રે વાઘની જેમ હવે જ્યારે ખરેખર વાઘ આવ્યો છે ત્યારે એ તરફ હજુ આમ જનતાનું ધ્યાન ગયું નથી.

વિશ્વભરની ઋતુઓના ચક્રમાં ફેરફાર શરૂ થયા છે. ભારતમાં છ ઋતુઓ છે. પૃથ્વી પર કુદરતનો અનુભવ કરવા માટેનું આવું સૌન્દર્ય-વૈવિધ્ય દુનિયામાં બીજે ક્યાંય નથી. મહાકવિ કાલિદાસનું ઋતુસંહાર આપણને એ છ ઋતુઓનું અદભુત વર્ણન આપે છે. પરંતુ વિદ્વાન સંશોધકો કહે છે કે દુનિયાના અન્ય કેટલાક દેશોની જેમ ભારતમાં પણ ભવિષ્યમાં સમર અને વિન્ટર થઇ જશે. વરસાદ પણ વિન્ટરમાં, બરફ વર્ષા પણ વિન્ટરમાં અને તડકો સમરમાં ! જો કે આ ફેરફાર થતા હજી દાયકાઓ અને સદીઓ વીતી જશે. હિમાલયના પવનો આ વખતે રહસ્યમય રીતે દિશા બદલી રહ્યા છે. હવામાનશાસ્ત્રીઓ તો હજુ પણ એને ચોમાસાની વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની વ્યાખ્યામાં સમાવે છે. પરંતુ એવું નથી. વિશ્વના દરેક સમુદ્રના પવનો હવે વમળ જેવા ચક્રાકાર અને એ જ આગળ જતા ચક્રવાતમાં રૂપાંતરિત થાય છે. આ વખતે અરબી સમુદ્ર પર પવનોના ઝંઝાવાત વારંવાર સર્જાય છે અને વિખેરાય છે.

એમાંના કેટલાક પવનો વાતાવરણમાં શૂન્યાવકાશનું પણ સર્જન કરે છે. અને એ શૂન્યાવકાશમાંથી જ વરસાદી તોફાન બનીને નવા નવા નામે વાવાઝોડા આવતા રહે છે. માગશર મહિનાની શરૂઆત થઇ ગઇ છે. ગુજરાતીમાં જૂની કહેવત છે કે માગશરના દિવસો મગ જેવડા હોય છે, એટલે કે સવાર મોડી પડે, સાંજ વહેલી ઝૂકી જાય. શિયાળો આરોગ્યની ઋતુ છે, પરંતુ માત્ર એમને માટે કે જેઓ આહાર વિહારમાં સર્વ સામાન્ય નિયમોનું પાલન કરે છે. જેઓ મુક્તાહારી કે સ્વેચ્છાચારી છે, તેઓ માટે આ ઋતુ જોખમકારક છે. દુનિયાની કોઈ પણ પ્રજાનું આરોગ્ય જોવું હોય તો એટલી જ તપાસ કરવાની રહે કે શિયાળામાં દવાખાનાઓ અને હોસ્પિટલો ખાલીખમ રહે છે ?

વડાપ્રધાનના સેવાકાર્યને બિરદાવતા રામભાઇ મોકરીયાના હોર્ડિંગ્સ

નરેન્દ્રભાઇ મોદીએ ભારત દેશ માટે તથા રાજકોટના વિકાસ માટે કરેલ સેવાકાર્યોને વર્ણવવામાં આવ્યા

રાજકોટ.તા.૧૪

રાજયસભાના સાંસદ રામભાઇ મોકરીયા દ્વારા કેન્દ્ર સરકાર દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની આગેવાનીમાં થયેલ સેવા અને વિકાસકાર્યોના હોર્ડિંગ્સ રાજકોટ શહેરના યાજ્ઞિક રોડ ઉપર પોસ્ટ ઓફિસ પાસે લગાવવામાં આવેલ છે. જેમાં નરેન્દ્રભાઇ મોદીએ ભારત દેશ માટે તથા રાજકોટના વિકાસ માટે કરેલ સેવાકાર્યોને વર્ણવવામાં આવ્યા છે. રામભાઇ મોકરીયાના હોર્ડિંગ્સમાં જણાવાયું છે કે, લોક કલ્યાણ અને લોકસેવા માટે કેન્દ્ર અને રાજય સરકાર સંકલ્પ બધ્ધ છે. ''સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વસ, સૌના પ્રયાસથી ૯વર્ષ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના કાર્યો'' કરવામાં આવી રહ્યા છે.

જેમાં ભારત દેશમાં આયુષ્યમાન ભારત સર્જીકલ સ્ટ્રાઇક, સ્વચ્છ ભારત, ૮૦ કરોડ લોકોને 'નિઃશુલ્ક' અન્ન વિતરણ, ૨૪૦ કરોડ લોકોનું 'કોરોનામાં નિઃશુલ્ક' રસીકરણ, ૮૦ થી વધુ દેશોને કોરોનાની 'નિઃશુલ્ક' વેકિસન, ભવ્ય રામમંદિર, ત્રણ તલાકમાંથી મૂકિત, કલમ ૩૭૦ દુર થઇ, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, મહિલા અનામત બિલ, મેક ઇન ઇન્ડિયા, પ્રધાન મંત્રી જન-ધન યોજના (પી.એ.જે.ડી.વાય) તથા રાજકોટમાં એઇમ્સ હોસ્પિટલ, ઇન્ડરનેશનલ એરપોર્ટ, અંડરબ્રીજ-ઓવરબ્રીજ, ન્યુ રેસકોર્સ, આધુનિક બસપોર્ટ, અટલ સરોવર, આધુનિક કોર્ટની સુવિધા, ભૂગર્ભ ઇલેકિટ્રફિકેશન, ન્યારીડેમ નવીનીકરણ, ઇશ્વરીયા ગાર્ડન નવીનીકરણ, મોરબી હાઇ-વે ફોરસ્ટ્રેક, અમદાવાદ હાઇ-વેસિકસ (૬) ટ્રેકની સુવિધા, ગેસ લાઇન દ્વારા ઘરે-ઘરે ગેસ કનેકશન, ભકિતનગર સ્ટેશનનું આધુનિકિ કરણ, વંદે ભારત ટ્રેન સહિતના વિકાસ કાર્યો થયા હોવાનું રાજયસભાના સાંસદ રામભાઇ મોકરીયાએ જણાવ્યું છે. સાંસદ રામભાઇ મોકરીયા જાહેર હિતના મુદ્દાઓના નિરાકરણ માટે સતત હકારાત્મક પ્રયાસ કરી રહ્યા છે.

સૌરાષ્ટ્રની ખમીરવંતી પ્રજાના સધિયારા સમા દૈનિક 'સૌરાષ્ટ્ર ક્રાંતી'ને જન્મદિને ખૂબ ખૂબ શુભકામનાઓ...

રાજદિપસિંહ એમ.જાડેજા
(રાજાભાઇ વાવડી)
ઉપાધ્યક્ષ, રાજકોટ શહેર ભાજપ



સત્ય , સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવતા નિડર, તટસ્થ, તેમજ પ્રજાના પ્રશ્નોને સતત વાચા આપતા પ્રજાલક્ષી સૌરાષ્ટ્ર ક્રાંતી ને નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...

શ્રી અભિરાજસિંહ તલાટીયા
મહામંત્રી, ગુજરાત પ્રદેશ એનએસયુઆઇ

સત્ય , સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવતા નિડર, તટસ્થ, તેમજ પ્રજાના પ્રશ્નોને સતત વાચા આપતા પ્રજાલક્ષી સૌરાષ્ટ્ર ક્રાંતી ને નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...



કમરૂભાઇ જી.ભાયાણી
અખીલ ભારતીય મીર મીષરી સંસ્થા(દિલ્હી) મીર સમાજ ઉપાધ્યક્ષ-ગુજરાત પ્રમુખ મીર સમાજ બી-૯૫
ઓબીસી, કો-ઓર્ડીનેટર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, ઓફીસઃ
૩૦૯ અમીધારા કોમ્પ્લેક્ષ, કેનાલ રોડ, રાજકોટ.(૭૫૭૪૯૪૬૦૪૬)

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર
આઝાદી નો અમૃત મહોત્સવ
G20

ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા રોગ નિયંત્રણ સૌની જવાબદારી

જરૂરી સંદેશ

ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા રોગ ચેપી માદા એડીસ ઈજિપ્તિ મચ્છરના કરડવાથી થાય છે અને તેને અટકાવી શકાય છે.

એડીસ ઈજિપ્તિ મચ્છર દિવસે કરડે છે.

ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાથી બચવા આટલું જરૂર કરવું

- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા ફેલાવતા મચ્છરોના ડંખથી બચવા આખી બાંયનાં કપડાં પહેરવાં તથા શરીરના ખુલ્લા ભાગ પર મચ્છર વિરોધી ક્રીમનો ઉપયોગ કરવો.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાથી બચવા મચ્છરદાનીનો ઉપયોગ કરવો.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના દર્દીએ ખાસ મચ્છરદાનીમાં સૂવાનો આગ્રહ રાખવો.
- પાણી સંગ્રહ કરવાના થતા તમામ પાત્રો હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવાં.
- દર અઠવાડિયે ફૂલદાની, કુંડા, પક્ષીકુંજ તથા પાણી સંગ્રહનાં તમામ પાત્રોને ખાલી કરી, ઘસીને સાફ કરી, સૂકવવા અને ત્યારબાદ જ ઉપયોગમાં લેવા.
- બારી બારણામાં મચ્છરજાળી લગાવવી.
- ઘર, ધાબા પર અને ઘરની આસપાસ પડી રહેલ નકામા ખાલી પાત્રો, ભંગાર, ટાયર, નાળિયેરની કાચલી વગેરેનો નાશ કરવો.
- સખત તાવ, આંખોના ડોળાની પાછળ દુખાવો, સ્નાયુ અને સાંધાનો દુખાવો અને શરીર પર ચકામા કે ઓરી જેવા દાણા દેખાય તો નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો.

તાવ દરમ્યાન પેરાસિટામોલ લેવી, પુષ્કળ પ્રવાહી લેવું અને આરામ કરવો.

સાવચેતીરૂપી લેવાના થતાં પગલાંઓ

- ઘર અને ઘરની આસપાસ ફૂલદાની, કુંડા, પક્ષીકુંજ તથા પાણી સંગ્રહનાં તમામ પાત્રોમાં પાણી ભરાઈ ના રહે તે જોવું.
- વરસાદી સીઝન દરમ્યાન નકામા પાત્રો જેવાં કે, બોટલ, ટીન, ટાયર અને નાળિયેરની કાચલી, ભંગાર વગેરેને ખુલ્લામાં નાખવા નહીં.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાની કોઈ ખાસ દવા ઉપલબ્ધ નથી જેથી ડૉક્ટરના માર્ગદર્શન વગર દવાઓ લેવી નહીં.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના દર્દીએ સારવાર માટે એસ્પિરિન દવાનો ઉપયોગ કરવો નહીં.
- ડૉક્ટરની સલાહ વગર ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના દર્દીએ હોસ્પિટલમાં દાખલ થવાનો આગ્રહ રાખવો નહીં.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય

જૈનમ-કામદાર નવરાત્રી મહોત્સવ-૨૦૨૩નો કાલથી પ્રારંભ

સમાજ શ્રેષ્ઠીઓ, આગેવાનો, મહાનુભાવો, દાતાઓનાં હસ્તે ગ્રાન્ડ ઓપનીંગ થશે: ઝીરો ડિફેક્ટ આયોજન આપવા માટે જૈનમ ટીમનાં કમિટી મેમ્બરો કટીબધ્ધ : સરકારની ગાઇડલાઇનનું સંપૂર્ણપણે પાલન કરી થશે આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

નવરાત્રીને હવે ગણતરીનાં જ કલાકો બાકી છે ત્યારે જૈનો માટે જેનો દ્વારા સતત છઠા વર્ષે યોજાવા જઇ રહેલ જૈન-કામદાર નવરાત્રી મહોત્સવ-૨૦૨૩ પોતાના પરંપરાગત સ્થળ ખાતે નવરાત્રીનું જાજરમાન આયોજન કરવા જઇ રહ્યું છે. તમામ કામગીરીને ફાઇનલ ટચ અપાઇ ચૂકયો છે. જાણીતા આગેવાનોની હાજરીમાં આવતીકાલે તા.૧૫ નાં રોજ રાત્રે આ રાસોત્સવનો પ્રારંભ કરવામાં આવશે. દર વર્ષ કરતા કંઇક નોખું, અનોખું આપવા જઇ રહેલ જૈનમ નવરાત્રીમાં રમવા માટે ''ખેલૈયાઓ થનગની રહયાં છે. આ વર્ષે દરેક ખેલૈયાઓને સાથે દર્શકોને પણ જૈનમનું આ આયોજન ખુબ પસંદ પડશે અને બધા મન મુકીને આ ઉત્સવને માણશે તેવી આયોજક ટીમની નેમ છે.

જૈનમ નવરાત્રી મહોત્સવમાં આ વખતે ખેલૈયાઓનો અભૂતપૂર્વ ઘસારો થતા ગ્રુપને ઘણાં દિવસો પૂર્વે જ સીઝન પાસનું બુકિંગ બંધ કરવાની ફરજ પડેલ હતી. આ વખતે ખેલૈયાઓની સંખ્યામાં ખુબ બહોળો વધારો થતા પ્લેગ્રાઉન્ડની વ્યવસ્થા પણ ખુબ વિશાળ સ્વરૂપમાં કરવામાં આવી છે. આખા ગ્રાઉન્ડમાં કાર્પેટીંગ સાથે તમામ ખેલૈયાઓ મોકળાશ ભેર રમી શકે તેવી સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. ઉંમર વાઇઝ અલગ-અલગ ગ્રુપો પાડીને તમામ ખેલૈયાઓ પોતાની રમત દ્વારા, ડ્રેસીંગ દ્વારા અવનવા ઇનામો જીતી શકે તેવી તક આપવામાં આવશે. અદ્યતન એક લાખ વોટની ડિઝીટલ રાઉન્ડ સીસ્ટમ દ્વારા ખેલૈયાઓ ઘરા ધ્રુજાવવા થનગની રહ્યાં છે. નવરાત્રીનાં નવેય દિવસ અલગ-અલગ નિર્ણાયકો દ્વારા ખેલૈયાઓને રમત, હાવભાવ, ડ્રેસીંગ, કલરનું સંયોજન, ગ્રુપ વગેરે જેવા પાસાઓને ધ્યાનમાં રાખીને મુલ્યાંકન દ્વારા રોજેરોજ ઉપસ્થિત મહેમાનોનાં હસ્તે વિજેતા ખેલાડીઓને ઇનામોથી નવાજવામાં આવશે. રોજ સમયસર આવનાર પહેલા મર્યાદીત સંખ્યામાં ફિમેલ ખેલયાઓને રોજેરોજ અલગ-અલગ મહેંદી, બિન્દી, નેઇલ આર્ટ વિગેરે બીના શાહ, રીના કામદાર, પ્રિયંકા શાહ, મૈત્રી મહેતા, રાજુલ શાહ, ઋત્વી શેઠનાં સહયોગથી નિઃશુલ્ક કરી આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતનાં સુપ્રસિધ્ધ સંગીતકાર પંકજભાઇ ભટ્ટ તથા તેમનાં મ્યુઝિક એરેન્જર સહિતનાં સાજીંદાઓની ટીમ દ્વારા ખેલૈયાઓને ઘેલું લગાડવામાં આવશે. આ વખતે ગાયકોની સંખ્યામાં પણ વધારો કરી અલગ-અલગ પ્રકારની પ્રતિભા ધરાવતા ગાયકો અમદાવાદનાં વિશાલ પંચાલ, પરાગી પારેખ, રાજકોટનાં પ્રદિપ હાર નમતા ગોસલીયા સહિતની ટીમ દ્વારા અવનવા હિન્દી, ગુજરાતી, સાહીતીક, રાષ્ટ્રભકિત સભર ગીતોનો ગુલદસ્તો દર્શકો સમક્ષ ખુલ્લો મુકશે. ખેલૈયાઓ તો ઠીક પણ બેઠેલા દર્શકોનાં પગમાં પણ જોમ ભરી દે તેવા ગીતો, મ્યુઝિક અને સાઉન્ડ સીસ્ટમનું એક અદભૂત સમન્વય આ નવરાત્રીમાં રચાશે. અદ્યતન લાઇટીંગ ઇફેકટ દ્વારા માહોલને તહેવારમય બનાવવામાં આવશે. આ ઉપરાંત રોજેરોજ વંદે માતરમ સહિતના દેશ ભકિતનાં ગીતો ઉપર ખેલૈયાઓને ઝુમાવી શકિતની સાથે રાષ્ટ્રભકિતનો પણ માહોલ બનાવવામાં આવે છે. સામાજીક જવાબદારીનાં ભાગરૂપે તથા સરકારીની ગાઇડલાઇન અનુસાર હાલમાં જોવા મળી રહેલ નાની ઉંમરનાં લોકોમાં થતા હૃદય સંબંધિત બનાવ વખતે કે ખેલૈયાઓમાંથી કોઇને ચકકર આવી જવા, મોચ આવી જવી, લાગવાથી ઇજા થવી જેવા બનાવ વખતે તાત્કાલીક સારવાર મળી રહે તે માટે ખાસ સુવિધા ઉભી કરી આઈ.સી.યુ. મિની મોડયુલ સ્વરૂપે એક મિની હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે. જેમાં દર્દી માટે બેડ, વ્હીલચેર, ઓકિસજન સીલીન્ડર, ઈ.સી.જી. મશીન, જરૂર પડે તો ચડાવવા માટે બાટલાઓ, લાગી જવા સમયે પાટાપીંડી કે ટાંકા લેવાની પણ જરૂર પડે તો એ તમામ સુવિધા સાથે રોજ રાત્રે ૮ થી ૧૨ સુધી બે સિનીયર ડોકટરો, પેરામેડિકલ સ્ટાફ, નર્સિંગ સ્ટાફ, આયાબહેન સહિતનાં લોકો સેવા આપશે. આ સ્થળે કોઇપણ ઇમર્જન્સી માટે એક એમ્બ્યુલન્સ સતત હાજર રહેશે. આ ઉપરાંત આ એમ્બ્યુલન્સને મેઈન રોડ સુધી પહોંચવામાં કોઈ તકલીફ ન પડે તે માટે એક ખાસ ગ્રીન કારીડોર કે જેમાં ઈમરજન્સી સમયે એમ્બ્યુલન્સ વિના અડચણથી મુખ્ય રોડ સુધી પહોંચી શકે તેવો રસ્તો રીઝર્વ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આ એમ્બ્યુલન્સને રોડ સુધી પહોંચાડવા માટે આગળ જૈનમ ટીમ દ્વારા એસ્કોર્ટીંગની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

જૈનમનું આયોજન અહીંનાં પારિવારીક અને સુરક્ષીત માહોલ માટે પણ જાણીતું છે. અહીં ત્રણ સ્તરીય સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવે છે. મેઇન એન્ટ્રી પાસે સી.સી.ટી.વી. ઉપરાંત બાઉન્સરોની ટીમ, સિક્યુરીટી સ્ટાફ અને જૈનમની સુરક્ષા ટીમ પણ ખેલૈયાઓની તમામ સુરક્ષા માટે સતત ખડે પગે રહે છે. માટે જ આટલા વર્ષોનાં આયોજનમાં એક પણ અનીચ્છનીય બનાવ જેનમ રાસોત્સવમાં બનવા પામ્યો નથી. અહીં કોઇપણ બહેન દિકરી એકલી હોય તો પણ કોઇપણ જાતના સંકોચ વગર સુરક્ષાનો અહેસાસ કરીને મન મુકીને રમી શકે છે. જે લોકો રાસોત્સવને જોવા માટે આવે છે તેમને પણ ખુબ જ આનંદ આવે તે પ્રકારની બેઠક વ્યવસ્થા કરવામાં આવે છે. જેથી ખેલૈયાઓને રમવા માટે પૂરતું મોકળાશવાળું ગ્રાઉન્ડ મળી રહે છે. આ આયોજનમાં લોકો સહપરિવાર રાસોત્સવ માણે છે સાથે રોજ અલગ-અલગ પ્રકારની જૈન વાનગીઓ પણ ફુડ કોર્ટમાં પીરસવામાં આવે છે. જે ખેલૈયાઓએ ફુડ કુપુન લીધેલા છે તેમના માટે અને સાથે આવેલ પરિવારજનો માટે પણ અલગ-અલગ અનેક સ્ટોલમાં વિવિધ પ્રકારનાં પ્યોર જૈન ફાસ્ટફુડ, સ્ટ્રીટફુડ, ઠંડાપીણાં, મીનરલ વોટર, ચા-કોફી, પેસ્ટ્રી, કેક, આઈસ્ક્રીમ જેવી વિવિધતા વાળી વાનગીઓની સુવિધા મળી રહે તે પ્રકારે આયોજન કરવામાં આવ્યું છે. રોજેરોજ ખેલૈયાઓને રાસ ઉપરાંત અલગ-અલગ પ્રકારની કોમ્પીટીશનમાં ભાગ લઇને તેનાં માટે અલગ ઇનામો જીતવા માટેની પણ તક પૂરી પાડવામાં આવે છે. ઉપસ્થિત ખેલૈયાઓને દર્શકો બહોળી સંખ્યામાં હાજર રહેતા હોય તેમના માટે ઇકો ફ્રેન્ડલી મોડ્યુલર, સુઘડ અને સ્વચ્છ વોશરૂમની પણ વ્યવસ્થા કરવામાં આવે છે જે કદાચ રાજકોટમાં પ્રથમ વખત કોઇ ગ્રુપ કરી રહ્યું છે. ખેલૈયાઓ માટે રોજેરોજ અલગ-અલગ થીમ દ્વારા રોજ કંઇક વિવિધતા અને માહોલને રંગીન બનાવતા ડ્રેસીંગ માહોલને કલરફુલ બનાવે છે.

છેલ્લા અનેક મહિનાઓથી જીતુ કોઠારી, સુજીત ઉદાણી, જયેશ વસા સહિતનાં કમિટી મેમ્બરોની તનતોડ મહેનત અને તન-મન-ધનથી ઉઠાવેલી જહેમતનાં નીચોડ રૂપે જેનમ ઝીરો ડીફેકટ નવરાત્રી મહોત્સવ આપવા જઇ રહ્યું છે ત્યારે તમામ ખેલૈયાઓને મન મુકીને આ મહોત્સવ માણવા જૈનમ ટીમ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ વખતે સીઝન પાસ મર્યાદીત સંખ્યામાં આપવાના હોય વહેલુ બુકિંગ બંધ કરી દેવાતા અનેક લોકો સીઝન પાસથી વંચીત રહી ગયા હોય તેઓની લાગણીને માન આપીને જૈન ખેલૈયાઓ માટે ડેઇલી પાસ નવરાત્રી મહોત્સવનાં સ્થળ ખાતે આવેલ કાર્યાલયથી મળી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.જૈન ઉપરાંત જૈનેતરો પણ આ રાસોત્સવને જોવા માટે આવી શકે છે જે માટે વ્યુઅર ગેલેરી સીટીંગ એરેન્જમેન્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. જેનાં પાસ પણ આ કાર્યાલય ખાતેથી મળી શકશે.

તા. ૧૫ નાં રોજ પ્રથમ નોરતે અગ્રણીઓ સર્વશ્રી મુંબઇ સ્થિત જૈન શ્રેષ્ઠી મનિષભાઇ કામાણી તથા તેમના પત્ની સોનલબેન કામાણી, રોલેક્ષ રીંગનાં મનિષભાઇ મદેકા, રાસોત્સવનાં ટાઇટલ સ્પોન્સર દામીનીબેન કામદાર, જૈન શ્રેષ્ઠીઓ જીતુભાઇ બેનાણી, ચંદ્રકાન્તભાઇ શેઠ, જાણીતા બિલ્ડર નૈમિષભાઇ મહેતા, જનિષ અજમેરા, મોર્ડન ગ્રુપમાં મુકેશભાઇ દોશી, જે.એસ.જી. ફેડરેશનનાં વાઇસ પ્રેસિડન્ટ મનિષભાઇ દોશી, દર્શનભાઇ શાહ, વિરભાઇ ખારા, જાણીતા ધારાશાસ્ત્રી અનીલભાઇ દેસાઇ, મયુરસિંહ જાડેજા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન જૈમીનભાઇ ઠાકર, ગોંડલ નવાગઢ સ્થાનકવાસી જૈન સંઘનાં પ્રમુખ પ્રવિણભાઇ કોઠારી, મયુરભાઇ શાહનાં કરમલો દ્વારા આ રાસોત્સવનો પ્રારંભ કરવામાં આવશે. આ તકે તમામ ઉદઘાટકઓનું અદકેરૂ સ્વાગત અભિવાદન કરવામાં આવશે. આજરોજ આ નવરાત્રી મહોત્સવની માહિતી આપવા હેતુ પ્રેસ મુલાકાત માટે ગાયકો અમદાવાદનાં વિશાલ પંચાલ, પરાગી પારેખ, રાજકોટનાં પ્રદિપ ઠકકર, નમ્રતા, ગોસલીયા તથા જૈનમ ટીમનાં ડો. પારસભાઇ ડી. શાહ, જીતુભાઈ મારવાડી,મનિષ મહેતા, હેમલ પારેખ, ગોસલીયા, ઉદય ગાંધી, શૈલેષ માઉ, હેમલ કામદાર, મેહુલ શાહ, સુકેતુ ભોડીયા, જય કામદાર, કૌશીકભાઈ કોઠારી, પારસ શેઠ હાજર રહ્યા હતા.

જન્મદિવસની ખુબ-ખુબ શુભેચ્છાઓ...

સુરત ફાયર ઓફિસર જય જશુભાઈ ઈશરાણનો આજે જન્મદિવસ છે.

સત્ય , સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવતા નિડર, તટસ્થ, તેમજ પ્રજાના પ્રશ્નોને સતત વાચા આપતા પ્રજાલક્ષી સૌરાષ્ટ્ર ક્રાંતી ને નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...

ADVOCATE

જીતેન્દ્રસિંહ પરમાર
(એડવોકેટ)
મો.૯૬૬૨૨ ૯૯૯૨૪

સત્ય , સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવતા નિડર, તટસ્થ, તેમજ પ્રજાના પ્રશ્નોને સતત વાચા આપતા પ્રજાલક્ષી સૌરાષ્ટ્ર ક્રાંતી ને નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...

ADVOCATE

રક્ષીત રૈયાણી
(એડવોકેટ)(B.E., M.Tech, LL.B)
ઓફીસ એડ્રેસઃ ગ્રાઉન્ડ ફલોર શોપ નં-૪, મીરેકલ ડોકટર હાઉસ, બાલાજી હોલ, ટ્વીન સ્ટાર નજીક, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ. મોબાઈલ નં.૯૯૭૮૯ ૯૧૬૬૧

સત્ય , સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવતા નિડર, તટસ્થ, તેમજ પ્રજાના પ્રશ્નોને સતત વાચા આપતા પ્રજાલક્ષી સૌરાષ્ટ્ર ક્રાંતી ને નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...

ADVOCATE

અતુલ સી.ફળદુ
એડવોકેટ (ગુજરાત હાઇકોર્ટ)
ઓફિસ નં.૩૨૩, ચોથો માળ આર્થિક ભવન, બોમ્બે પેટ્રોલ પંપની બાજુમાં, ગોંડલ રોડ

સત્ય , સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવતા નિડર, તટસ્થ, તેમજ પ્રજાના પ્રશ્નોને સતત વાચા આપતા પ્રજાલક્ષી સૌરાષ્ટ્ર ક્રાંતી ને નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...

ADVOCATE

બાલાભાઇ એન.સેફાતરા
(એડવોકેટ) ટોલપ્લાઝાના લીગલ એડવાઇઝર
ઓફિસ એડ્રેસઃ યશ કોમ્પલેક્ષ, શોપ નં.૩, ૪ લિજ્જત પાપડ સામે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રામાપીર ચોક, રાજકોટ મો.૯૮૨૫૭ ૯૭૮૧૭

કલબ યુવીના નવરાત્રી મહોત્સવમાં જગતજનની મા ઉમિયાના મંદિરનું સ્થાપન

કલબ યુવીમાં પાટીદારોની વિવિધ સંસ્થાઓ દ્વારા આજે વેલકમ નવરાત્રી

પાટીદાર સંસ્થાઓના ટ્રસ્ટીઓ, હોદેદારો, સભ્યો દ્વારા સંપૂર્ણ પારીવારીક માહોલમાં નવરાત્રી મહોત્સવનો પ્રારંભ

સમથળ ગ્રાઉન્ડ, ડબલ કારપેટ, ઈન્ટરપાર્કીંગ ટાઈટ સિક્યોરીટી સહીતની તૈયારીઓ પુર્ણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૪

રાજકોટ શહેરમાં સેકન્ડ ૧૫૦ ફુટ રીંગ રોડ પર રાધીકા ફાર્મ હાઉસ ખાતે સ્પીડવેલ પાર્ટી પ્લોટથી આગળ વિશાળ મેદાનમાં શ્રી ઉમિયાધામ સિદસર પ્રેરીત કલબ યુવી દ્વારા સતત ૧૫ માં વર્ષે નવરાત્રી મહોત્સવ યોજાશે. તા. ૧૫ ઓકટો. થી ૨૩ ઓકટો. દરમ્યાન યોજાનારા સંસ્કારી સુરક્ષીત અને ભકિતસભર નવરાત્રી મહોત્સવનો પ્રારંભ તા. ૧૪ ને શનિવારના રોજ વેલકમ નવરાત્રી દ્વારા કરવામાં આવશે. વેલકમ નવરાત્રીમાં પાટીદારોની ૨૫ જેટલી સંસ્થાઓના ટ્રસ્ટીઓ, હોદેદારો, સભ્યોના પરિવારો દ્વારા સંપૂર્ણ પારીવારીક માહોલમાં રાસોત્સવનો આનંદ માણશે. કલબ યુવી નવરાત્રી મહોત્સવની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહયો છે.

